વિકલાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની યોજના હેઠળ
શિષ્યવૃત્તિના દર સુધારવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-અપગ/૧૦૨૦૦૬/ન.બા.૧૬(૧)/છ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧/૧૧/૨૦૦૬.

<u>વંચાણે લીધા :-</u>

(૧) ભારત સરકારના કલ્યાણ મંત્રાલયનો પત્ર ક્રમાંકઃ-૧૮-૧-૯૧/એસ/ડબલ્યુ/આઈ.

(૨) સમાજ કલ્યાણ વિગાગનો તા.૧/૧૨/૧૯૯૩નો ઠરાવ ક્રમાંકઃ-અપગ/૧૦૯૨/આઇ.૧૮૮/છ.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાનો તા.૩૦/૧/૦૬નો પત્ર ક્રમાંકઃ-યજન/નવી બાબત/૦૬-૦૭/૩૨.

<u>ઠરાવ :-</u>

આમુખ ક્રમાંક (૧)માં દર્શાવેલ ભારત સરકારના કલ્યાણ મંત્રાલયના તા.૧૮/૫/૦૨ના પત્રથી ધોરણ ૯ અને તેથી વધુ અભ્યાસ માટે વિકલાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મંજૂર કરવા બાબતની કેન્દ્ર પુરસ્કૃત યોજના રાજય સરકારને તા.૧/૪/૯૨થી તબદીલ થતાં આવા વિકલાંગ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ મંજૂર કરવાની કેન્દ્ર પુરસ્કૃત યોજના રાજય સરકારની સંપૂર્ણ જવાબદારી માટે આમુખ (૨)માં દર્શાવેલ ઠરાવથી ચાલુ રાખવામાં આવેલ છે. જેમાં ધોરણ ૯ અને તેથી વધુ ઉચ્ચ અભ્યાસ કરતાં ૨૫ ટકા કે તેથી વધુ અપંગતા ધરાવતા અને છેલ્લી વાર્ષિક પરીક્ષામાં ૪૦ ટકા કે તેથી વધુ માર્કસ ધરાવતાં વિકલાંગ વિદ્યાર્થીઓને તેમના વાલીની રૂા.૨૪,૦૦૦/-ની વાર્ષિક આવક મર્યાદામાં શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવે છે.

આમુખ (૩) આગળ દર્શાવેલ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાના પત્રથી હાલની અસહય મોંઘવારીમાં બાળકોના પુસ્તકો, ફી ના દરો, અભ્યાસના સાધનોની બજાર કિંમતો વિગેરે જોતાં (૧) વાલીની વાર્ષિક આવક મર્યાદા (૨) શિષ્યવૃત્તિના ધોરણો અને (૩) વિકલાંગતાની ટકાવારીમાં સુધારા થવા નવી બાબત હેઠળ દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ અંગે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ધ્વારા બિન આદિવાસી વિકલાંગ વિદ્યાર્થીઓ માટે વર્ષ ૨૦૦૬-૦૭ની નવી બાબત હેઠળ રૂા.૧,૦૮,૦૦,૦૦૦/-ની જોગવાઇ અંદાજપત્રમાં કરવામાં આવેલ છે. જેને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચેની શરતોએ ઉકત નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) વિકલાંગ વિદ્યાર્થીઓના વાલીની વાર્ષિક આવક મર્યાદા રૂ.૨૪,૦૦૦/-ની રહેશે.

(૨) વિકલાંગ ધારો-૧૯૯૫ની જોગવાઇ પ્રમાણે ૪૦ ટકા વિકલાંગતા ધરાવતા વિકલાંગ વિદ્યાર્થીઓને આ સહાય મળવાપાત્ર થશે.

(૩) સામેલ પત્રકમાં સૂચવ્યા મુજબ શિષ્યવૃત્તિના હાલના દરમાં સુધારો કરવામાં આવે છે.

(૪) આ સુધારેલ શિષ્યવૃત્તિના દરો વર્ષ ૨૦૦૬-૦૭ના નાણાંકીય વર્ષથી અમલમાં આવશે.

આ માટેનો ખર્ચ ચાલુ નાણાંકીય વર્ષના અંદાજપત્ર સદર માંગણી ક્ર-૯૨, ૨૨૩૫-સામાજીક સુરક્ષા અને કલ્યાણ, ૧૦૧-વિકલાંગોનું કલ્યાણ, ૦૧-એસસીડબલ્યુ-૬, વિકલાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ (પ્લાન) હેઠળ ઉધારવાનો રહેશે અને તે હેઠળ મંજુર થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૮/૧૦/૦૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.જે.પરમાર )
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

બિડાણ:-પત્રક સામેલ.

પ્રતિ,

માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
એકાઉન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
અગ્રસચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
નાણાં સલાહકારશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
વિભાગની છ.૧, અને બજેટ શાખાઓ. /ના.સે.અ. સિલેકટ ફાઇલ.

નં. અપગ/શિષ્યવૃતિ/૦૬-૦૭/ ૭૬૧૮
નિયામક સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં. ૧૬, જુના સચિવાલય,
ગાંધીનગર, તા.૧/૧૧/૨૦૦૬.

**નકલ સવિનય રવાના:**

(૧) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને જાણ તેમજ જરુરી કાર્યવાહી સારુ. (માંગણી ન.૯૨, ૯૫ તથા ૯૬ - ૩ ઠરાવો પત્રક સહીત).

(૨) યોજના શાખા. (૩) હિસાબી શાખા, (૪) આદેશ ફાઇલ.

નાયબ નિયામક,
સમાજ સુરક્ષા ખાતુ, ગુ.રા., ગાંધીનગર.

# વિકલાંગ શિષ્યવૃતિના દર સૂચવતું પત્રક.

તા-૧-૧૧-૦૬
(ઠરાવ નં-અપગ-૧૦૨૦૦૬-ન.બા.૧૬(૧), (૨) અને (૩)/છ.૧, સાથેનું બિડાણ પત્રક )

| ક્રમ | અભ્યાસની વિગત | સુધારેલ દર | | |
|---|---|---|---|---|
| | | માસિક | માસ | વાર્ષિક |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| (૧) | ધોરણ ૧ થી ૭ ડે.સ્કોલર માટે | રુ.૧૦૦/- | ૧૦ | રુ.૧૦૦૦/- |
| (૨) | ધોરણ-૮ થી ૧૨ અને સમકક્ષ તેમજ આઇ.ટી.આઇ. | | | |
| | ડે.સ્કોલર માટે | ૧૫૦/- | ૧૦ | રુ.૧૫૦૦/- |
| | હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થી માટે | ૨૦૦/- | ૧૦ | રુ.૨૦૦૦/- |
| | અંધ હોય તો રીડર એલાઉન્સ | ૧૦૦/- | ૧૦ | રુ.૧૦૦૦/- |
| (૩) | બી.એ., બી.એસ.સી., બી.કોમ અને સમકક્ષ ડીગ્રી અભ્યાસક્રમો | | | |
| | ડે.સ્કોલર માટે | ૨૫૦/- | ૧૦ | રુ.૨૫૦૦/- |
| | હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થી માટે | ૩૨૫/- | ૧૦ | રુ.૩૨૫૦/- |
| | અંધ હોય તો રીડર એલાઉન્સ | ૧૦૦/- | ૧૦ | રુ.૧૦૦૦/- |
| (૪) | બી.એડ, બી.ઇ, બી.ટેક. એલ.એલ.બી. બી.સી.એ., એમ.બી.બી.એસ. અને સમકક્ષ અભ્યાસક્રમો તેમજ ડીપ્લોમા ઇન પ્રોફેશનલ એન્ડ એન્જીનીયરીંગ સ્ટડી ઇન પ્લાન્ટ ટ્રેનીંગ અને તેને સમકક્ષ | | | |
| | ડે.સ્કોલર માટે | ૩૦૦/- | ૧૦ | ૩૦૦૦/- |
| [illegible] | હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થી માટે | ૪૦૦/- | ૧૦ | ૪૦૦૦/- |
| | અંધ હોય તો રીડર એલાઉન્સ | ૧૦૦/- | ૧૦ | ૧૦૦૦/- |
| (૫) | એમ.એસ.સી./એમ.ફીલ/ એલ.એલ.એમ.એમ.એડ. | | | |
| | ડે.સ્કોલર માટે | ૩૦૦/- | ૧૦ | ૩૦૦૦/- |
| | હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થી માટે | ૪૦૦/- | ૧૦ | ૪૦૦૦/- |
| | અંધ હોય તો રીડર એલાઉન્સ | ૧૦૦/- | ૧૦ | ૧૦૦૦/- |

(પી.જે. પરમાર)
સેક્શન અધિકારી.